ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગાંધીનગરના ખાલી મકાનો પાછળનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ

# 'ગાંધીનગર'ના ૮૨ હજાર મકાનો ખાલી ખમ

## ગ્રામીણ ગાંધીનગરના દરેક ગામોમાં સરેરાશ ૧૯૦ મકાનોમાં તાળા !

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતમાં ૧૮૭૨માં વસ્તી ગણતરી પ્રમાણમાં વ્યવસ્થિત રીતે શરૂ થઈ હતી. આ અગાઉ પણ મોર્ય શાસન અને મુઘલ શાસન દરમિયાન વસ્તી ગણતરી થતી હતી એવા ઉલ્લેખો છે. દેશ આઝાદ થયો પછી વસ્તીની માહિતી એકત્રિત




તો થતી હતી પરંતુ જુદા જુદા વિસ્તારો-પ્રદેશોમાં એક સરખા ફોર્મથી માહિતી એકઠી કરાતી ન હતી. આથી માહિતીમાં એક મકાનોની સંખ્યાથી માંડીને જનસંખ્યાના વિવિધ માપદંડો એક સમાન રીતે લાગુ પાડવામાં આવ્યા. દર દસ વર્ષે વસ્તી ગણતરીમાં જે જે જરૂરીયાતો જણાય એ ઉમેરીને આખા દેશમાં એક સમાન વસ્તી માહિતી એકત્રિત કરવામાં આવે છે.

સ્થળ સંકોચને કારણે સોમવારે આવતી નિયમિત કોલમ 'ગણતરીમાં ગાંધીનગર' પ્રસિદ્ધ કરી શક્યા નહોતા. આજે આ કોલમ પ્રસિદ્ધ કરવામાં આવી છે... હવેથી રાબેતા મુજબ દર સોમવારે આ કોલમ પ્રસિદ્ધ થશે...
- વ્યવસ્થાપક

સેન્સસ ૨૦૧૧ અંતર્ગત મેળવવામાં આવેલી માહિતીમાંથી 'મકાન, મકાનની સુવિધાઓ અને સંપત્તિ. 'ગુજરાત શ્રૃંખલા ૨૫, માં પ્રકાશિત સમગ્ર ગુજરાતની વિગતોમાંથી આપણે ગુજરાત

### ખાલી મકાનો

| | ગુજરાત | ટકા | ગાંધીનગર | ટકા |
|---|---|---|---|---|
| ગ્રામીણ | ૧,૧૭૪,૬૫૦ | ૪૯ ટકા | ૪૮૧૧૬ | ૫૮ ટકા |
| શહેરી | ૧,૨૨૮,૪૬૭ | ૫૧ ટકા | ૩૪૪૫૧ | ૪૨ ટકા |
| કુલ | ૨,૪૦૩,૧૧૭ | ૧૦૦ ટકા | ૮૨૫૬૭ | ૧૦૦ ટકા |

સ્ત્રોત : સેન્સસ ૨૦૧૧, ગુજરાત શૃંખલા ૨૫

વાક્યતા જળવાતી ન હતી. કલ્યાણ રાજ્યના આદર્શને વરેલા ભારતના ભાવિ વિકાસ માટે આયોજન ઘડાતુ હતુ. પંચવર્ષીય યોજના અસ્તિત્વમાં આવી હતી. આ પંચવર્ષીય યોજનાને ઝડપભેર અમલી બનાવવા માટે વસ્તી ગણતરીની માહિતી આખા દેશમાં એક સરખા માહિતી ફોર્મ દ્વારા મેળવવામાં આવે એવો વિચાર થયો જે મુજબ ૧૯૬૧થી તમામ માહિતી જેવી કે અને ગાંધીનગરની સરખામણી કરીને પાટનગર ગાંધીનગર શહેર અને સમગ્ર જિલ્લો અને તાલુકો કેવી સ્થિતિ ધરાવે છે એની વિગતો આ કોલમમાં જોઈશુ. સેન્સસ-૨૦૧૧માં ગુજરાતમાં હાથ ધરાયેલી વસ્તી ગણતરીમાં કુલ ૧૯૫ વૈધાનિક નગરો અને ૧૫૩ જનગણના નગર અને કુલ ૧૮૨૨૫ ગામડાઓનો સમાવેશ થાય છે, જેનો કુલ સરવાળો ૧૮,૫૭૬

● અનુસંધાન પાન-૭ પર






ગ્રીષ્મોત્સવની ઢળતી સાંજને ચક દે ફેમ...સુખવિન્દરસીંગે સુર સંગીતથી મઢી દીધી હતી. ચલ છૈયા..છૈયા...તુજ મેં રબ દીખતા હે જેવા જાણીતા ગીતો રજુ કરી સૌને ડોલાવી દીધા હતા.ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવના અંતે જાણીતા ગાયક સુખવિન્દરસીંગે શ્રોતાઓના દીલ જીતી લીધા હતા. અનેક ફિલ્મોમાં જાદુઈ સુર પાથરીને દેશવાસીઓના દીલમાં સ્થાન મેળવનાર સુખવિન્દરસીંગે ઈન્ફોસીટીની હરિયાળી લોનમાં એક પછી એક રસપ્રદ ગીતો રજુ કરી યુવાનોમાં જોમજુસ્સો બેવડાવી દીધો હતો. સુરીલા સંગીતની સાથે નવા અંદાજથી રજુ થયેલી ગાયકીથી શ્રોતાઓનો ઉત્સાહ પણ બેવડાયો હતો. બોલીવુડમાં અનેક ગીતોને સ્વર આપી લોકચાહના મેળવનાર સુખવિન્દરસીંગે સ્ટેજ પરફોર્મ દરમિયાન એક સારા ગાયકની સાથે દેશના એક સારા નાગરિક હોવાનો પણ ખ્યાલ શ્રોતાઓને આપી દીધો હતો. મંચ પરથી રજુ થતા અનેકવિધ રસપ્રદ ગીતોની સાથે શ્રોતાઓ પણ મનમુકીને જુમ્યા હતા. સ્ટેજ પર ભુલકાઓથી લઈ યુવક યુવતિઓએ આ પ્રસિધ્ધ કલાકાર સાથે ડાન્સના સ્ટેપ્સ લઈ મોજ માંણી હતી.

# દેશની સ્વાયત્ત સંસ્થાઓની આઝાદી સામે ખતરો ઉભો થયો છે : પ્રદેશ પ્રમુખ

## મોદી શાસનમાં પ્રજાની મુશ્કેલી વધી છે : ધાનાણી, યુવાનો સક્રિય રાજનીતિમાં જોડાઈ અને સામાજિક સમરસતા માટે યોગદાન આપે : અમિત ચાવડા

ગાંધીનગર, તા. ૧૪

દેશની સ્વાયત્ત સંસ્થાઓ સામે અને સામાન્ય માનવીની અભિવ્યક્તીના અધિકાર સામે ખતરો પેદા થયો છે ત્યારે કોંગ્રેસ ફરીથી એકવાર આઝાદીનો જંગ યુવાનોને સક્રિય રાજનીતિ સાથે જોડીને કરશે તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમીત ચાવડાએ આજે જણાવ્યુ હતુ.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ખાતે જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારીની બેઠકને સંબોધન કરતાં ચાવડાએ જણાવ્યું હતું કે યુવાનો સક્રિય રાજનીતિમાં આગળ આવે તે જરૂરી છે. તેમણે કહ્યુ કે કોંગ્રેસ જનમિત્રની નિમણુંકો થકી યુવાનોને સક્રિય રાજનીતિમાં જોડશે.

તેમણે જણાવ્યુ હતુ કે પક્ષમાં આંતરિક લોકશાહીની આડ લઈ શિસ્તભંગની પ્રવૃત્તિને સાંખી લેવામાં આવશે નહિ.

ચાવડાએ જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં સંગઠ્ઠનના કાર્યક્રમોમાં સૌએ ખભેખભા મિલાવી કામ કરવાનું છે અને આગામી ચૂંટણીમાં આપણી એકતાનો પરચો આપવાનો છે.

આ બેઠકને વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ સંબોધન કરતાં જણાવ્યુ હતુ કે મોદીના શાસનનો હિસાબ માંગવાનો સમય આવી રહ્યો છે. તેમણે ગુજરાતને કરેલા અન્યાયોનો જવાબ પણ લેવો પડશે.

ધાનાણીએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના કાર્યકરે સરકારની નિષ્ફળતાને છતી કરી અને પ્રજા માનસને પુનઃ કોંગ્રેસ સાથે જોડવાનું કામ કરવાનું છે. કોંગ્રેસ એ વિચારધારા છે.

આ બેઠકને ધારાસભ્યો સર્વશ્રી સુરેશ પટેલ, બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા ઉપરાંત પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, ઉત્તર ગુજરાતના પ્રભારી લાખાભાઈ ભરવાડ સહિતના આગેવાનોએ સંબોધી હતી. આ વિસ્તૃત બેઠકમાં પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નિશીથ વ્યાસ, પૂર્વ ધારાસભ્ય કામિની બા રાઠોડ, ધારાસભ્ય અને જિલ્લાના નિરીક્ષક તરીકે નિમાયેલા ગેનીબેન ઠાકોર, જિલ્લા તાલુકા પંચાયતના સભ્યો, પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો, મહિલા કોંગ્રેસના હોદ્દેદારો, યુવક કોંગ્રેસના હોદ્દેદારો, તાલુકા પ્રમુખો, કારોબારીના સભ્યો સહિતના સંગઠ્ઠનના ચુનંદા કાર્યકરો હાજર રહ્યા હતા. પ્રારંભમાં સૂર્યસિંહ ડાભીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ તો પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. જ્યારે સમગ્ર સમારોહનું સંચાલન અરવિંદસિંહ સોલંકીએ કર્યુ હતુ. આભારવિધિ મૂળચંદભાઈ રાઠોડે કરી હતી.

# સેકટરોમાં લાખોના ખર્ચે મુકાયેલા સાઈન બોર્ડસ નીચે પટકાયા

## સેકટરોનો ચિતાર દર્શાવતા સાઇન બોર્ડની જાળવણી માટે તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ લાખો




રૂપિયાના ખર્ચે બોર્ડસ લગાવાયા હતા. આમ નાગરિકોને દિશા સુચક બની રહેતા આ બોર્ડસ મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પણ લગાવી દેવાયા હતા. જુના કટાયેલા બાર્ડસ દુર કરી નવા રીફલેટરવાળા બોર્ડસ રાત્રિના પણ રાહદારીઓ માટે પથદર્શક બની રહે તે મુજબ લગાવાયા છે. પરંતુ સેકટરોમાં હાલ આ પ્રકારના બોર્ડસ નીચે પટકાઈ ગયા છે. સેકટરોના આંતરિક વિસ્તારનો ચિતાર દર્શાવતા બોર્ડસ તુટીને નીચે પડેલા જોવા મળે છે.

શહેરમાં અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન લાખોના ખર્ચે બોર્ડસ લગાવાયા હતા. જયારે નગરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોમાં પણ નવા બોર્ડસ મુકવામાં આવ્યા હતા. શહેરના માર્ગોના નવા નામાભિધાન તેમજ સર્કલોના નામ મુજબ નવા નામ દર્શાવતા બોર્ડસ સહિત નગરના જાહેર સ્થળોનો ઉલ્લેખ પણ આ બોર્ડસ પર કરવામાં આવ્યો છે. જેથી બહારગામથી આવતા મુલાકાતીઓને ત્વરિત દિશાસુચન મળી રહે તે માટે આ પ્રકારના બોર્ડસ મુકવામાં આવ્યા છે. મુખ્યમાર્ગોના પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી સહીત આ બોર્ડસ મુકવા માટે લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર ભુલભુલૈયા જેવી સ્થિતિને નિવારવા માટે બહારગામથી આવતા મુલાકાતીઓ ઝડપભેર સરનામે પહોંચે તે માટે જુના કટાયેલા બોર્ડસ દુર

● અનુસંધાન પાન-૭ પર

# રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૬૬૧ વિદ્યાર્થીઓને ધો-૧માં પ્રવેશ મળશે

ગાંધીનગર તા ૧૪

રાઈટ ટુ એજયુકેશન અન્વયે જિલ્લામાંથી ૭૦૬ અરજદારોએ ફોર્મ ભરીને સુપ્રત કર્યા હતા. જયારે આ પૈકી ૭૬૧ ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે. આ સિવાય ૪૫ ફોર્મ પ્રવેશ માટે નામંજુર રહયા છે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે ધોરણ - ૧ માં વિદ્યાર્થીને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. જયારે ધોરણ -૮ સુધી શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત ગણવેશ તેમજ સ્કુલવર્ધી સહીતની સુવિધા પણ સરકાર દ્વારા પુરી પાડવામાં આવે છે.

રાઈટ ટુ એજયુકેશનની યોજના અન્વયે નિયમ મુજબ સમાવેશ થતા બાળકોને સરકાર દ્વારા શહેરની ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. જેમાં વાર્ષિક આવક મર્યાદા સહીતના ધારાધોરણોને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવે છે. જેને અનુલક્ષી રાઈટ ટુ એજયુકેશન અન્વયે પ્રવેશ આપવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે જિલ્લામાંથી ૭૦૬ અરજદારોએ ઓનલાઈન તેમજ મેન્યુઅલી ફોર્મ ભર્યા હતા. જે પૈકી ૬૬૧ ફોર્મ મંજુર રહયા છે. ફોર્મ સાથે માંગેલી વિગતોની પુર્તતા તેમજ અન્ય કોઈપણ

**૭૦૬ ફોર્મ પૈકી ૪૫ રદ થયા : પુરતી વિગતો અને દસ્તાવેજોના અભાવે ફોર્મ રદ કરાયા**

પ્રકારની ભુલો ન હોય તેવા કીસ્સામાં પ્રવેશને અનુલક્ષી મંજુરી આપી દેવામાં આવી છે.જયારે વિવિધ શાળાઓમાં ૬૬૧ વિદ્યાર્થીઓને ધોરણ -૧ માં આ યોજના હેઠળ પ્રવેશ આપવામાં આવશે. જયારે અન્ય ૪૫ ફોર્મ નામંજુર થયા છે. જેમાં માંગ્યા મુજબની વિગતો તેમજ જરૂરી પુરાવા ન હોય તે ઉપરાંત આવકનુ પ્રમાણ વધુ હોય તેવા માપદંડોને પણ ધ્યાને લેવાયા છે. આર ટી આઈ હેઠળ પ્રવેશ આપવામાં આવતા વિદ્યાર્થીઓને ધોરણ -૮ સુધી શિક્ષણ વિના મુલ્યે પુરુ પાડવામાં આવે છે. જયારે શાળામાં અભ્યાસની સાથે પુસ્તકો તેમજ સ્કુલડ્રેસ અને સ્કુલ વર્ધીની સેવા માટે પણ સહાય ચુકવવામાં આવે છે.

# નલિન કોટડિયાની ધરપકડ માટે વોરંટ મેળવવા તૈયારી

## સીઆઇડી ક્રાઇમ દ્વારા વોરંટ માટે અરજી કરાશે : બિટકોઇન કેસમાં નાસતા ફરતા ભાજપના પૂર્વ ધારાસભ્ય કોટડિયા રાજય બહાર હોવાની શંકા : છ ટીમો એકશનમાં

અમદાવાદ,તા. ૧૪

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બીટકોઈન કૌભાંડમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ૨૦૧૭માં ગુજરાતમાં યોજાયેલી રાજયસભાની ચૂંટણી વખતથી ભાજપથી અંતર બનાવનાર નલિન કોટડિયાની ધરપકડ હવે નિશ્ચિત મનાઈ રહી છે. વારંવારના સમન્સ અને તાકીદ છતાં નલિન કોટડિયા તપાસનીશ એજન્સી સીઆઈડી ક્રાઈમ સમક્ષ હાજર નહી થતાં હવે સીઆઈડી ક્રાઈમ દ્વારા કોટડિયાની વિધિવત્ ધરપકડ માટે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં સીઆરપીસીની કલમ-૭૦ હેઠળ અરજી કરી વોરંટ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



સંભવતઃ આવતીકાલે સીઆઈડી ક્રાઈમ દ્વારા નલિન કોટડિયાની ધરપકડ માટેનું વોરંટ મેળવવાની અરજી દાખલ કરાય તેવી પણ શકયતા છે. બીજીબાજુ, બિટકોઈન કેસમાં નાસતા ફરતા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા રાજય બહાર હોવાની આશંકા પ્રવર્તી રહી છે અને તેને લઈ સીઆઈડી ક્રાઈમે છ જુદી જુદી તપાસ ટીમોને દોડતી કરી છે. ઉલ્લેખનીય છે કે, ચકચારભર્યા બિટકોઈન કેસમાં નાસતા ફરતા અમરેલી પોલીસના ૭ કોન્સ્ટેબલ તથા કેતન પટેલના ભાઈ જતિન પટેલ અને ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા સહિત નવ આરોપીઓની ધરપકડ આ કેસમાં હજુ બાકી છે. એક તરફ છેલ્લા કેટલાક દિવસોથી નલિન કોટડીયા નિર્દોષ હોવાના ખુલાસા આપી રહ્યા છે અને આ મામલે ગૃહમંત્રી અને સીઆઈડીને પત્ર લખીને તમાશો કરી રહ્યા છે પરંતુ રાજય સરકારે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે, બિટકોઈનના ગોરખધંધામાં જે કોઈ સંડોવાયેલું છે તેની ધરપકડ નિશ્ચિત છે. સરકારના આ સાફ સંકેત બાદ કોટડિયાની મુશ્કેલીમાં વધારો થયો હતો અને તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. સીઆઈડી ક્રાઈમ તરફથી વારંવાર સમન્સ પાઠવવા છતાં અને તેમને તાકીદ કરવા છતાં કોટડિયા તપાસનીશ એજન્સી સમક્ષ હાજર નહી

● અનુસંધાન પાન-૭ પર

# ભયજનક વૃક્ષોની કટોતી માટે વનતંત્રને એકપણ ઓનલાઈન ફરિયાદ મળી નથી

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ચોમાસા પુર્વે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી વનતંત્ર દ્વારા હાથ ધરાઈ છે. સેકટરોના આંતરિક વિસ્તાર ઉપરાંત નગરના મુખ્યમાર્ગો પર આડશ બનતી વૃક્ષોની જોખમી ડાળીઓ દુર કરવા વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે જોખમી વૃક્ષોના ડાળાઓ તેમજ કટોતી મામલે વનતંત્ર કક્ષાએથી ઓનલાઈન ફરિયાદ કરવા માટે ગોઠવાયેલી વ્યવસ્થા અન્વયે હજુ સુધી વનાતંત્રને એકપણ ફરિયાદ ઓનલાઈન મળી નથી.

શહેરમાં વનતંત્ર દ્વારા હાલ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ ધરાયુ છે. આગામી ચોમાસા પુર્વે શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં વૃક્ષોની લટકતી ડાળીઓ તેમજ સુકાયેલા જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગી છે. એકબાજુ આગામી વરસાદી દિવસોને ધ્યાને લઈ નવા વાવેતર માટે ખાડાઓ પણ ખોદી દેવાયા છે. જયારે વનતંત્ર દ્વારા

**વૃક્ષોના ટ્રીમીંગ તેમજ કટોતી માટે છેલ્લા ચાર મહીનામાં એક પણ ફરિયાદ ઓન લાઇન મળી નથી**

શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ તેમજ નવા રોપાઓની વાવણીના વાવેતર માટે પણ આયોજન કરી દેવાયુ છે. જયારે ચોમાસા દરમિયાન વૃક્ષોની નમી પડેલી ડાળીઓ વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે આડશરૂપ ન બને તે માટે વનતંત્ર દ્વારા છેલ્લા ૧૫ દિવસથી ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોનુ તબક્કાવાર ટ્રીમીંગ કરી દેવાયુ છે.

વનતંત્ર દ્વારા અગાઉ આમ નાગરિકો વૃક્ષોના ટ્રીમીંગ માટે ઓનલાઈન ફરિયાદ કરી શકે તે માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ છેલ્લા ચાર મહીનાના અંતે વનતંત્રને હજુ સુધી એકપણ ઓનલાઈન ફરિયાદ મળી નથી. સેકટરવાસીઓ પોતાના વિસ્તારમાં નડતર રૂપ થતી વૃક્ષોની ડાળીઓ તેમજ વૃક્ષ ભયજનક હોય તેવી સ્થિતિમાંથી થડમાંથી કટોતી થઈ શકે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આ મામલે સેકટરવાસીઓએ એકપણ કીસ્સામાં ઓનલાઈન ફરિયાદ કરી નથી.

# જેઈઈ માટે ૧.૬૦ લાખ વિદ્યાર્થી દ્વારા રજિસ્ટ્રેશન

અમદાવાદ,તા. ૧૪

ધોરણ-૧૨ સાયન્સ અને ગુજકેટનાં પરિણામ જાહેર થયા પછી હવે વિદ્યાર્થીઓ તા.૨૦મીએ લેવાનારી જેઈઈ એડ્વાન્સ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. હવે વિદ્યાર્થીઓ ટોચની એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ આપશે, પરંતુ ચોંકાવનારી વાત એ છે આ વર્ષે સૌથી વધુ એટલે કે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈ આપવામાં ડ્રોપ આઉટ થયા છે. જેઈઈની પરીક્ષામાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી મોટો ડ્રોપ આઉટ નોંધાતાં શિક્ષણ સત્તાધીશોએ આ મુદ્દે ગંભીર ચિંતા વ્યકત કરી છે. જેઈઈની પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા હોવા છતાં ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જે વર્ષ ૨૦૧૫ પછીનો એટલે કે છેલ્લાં ૩ વર્ષનો સૌથી મોટો ડ્રોપ આઉટ આંક છે. આ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓમાં ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પણ છે. આઈઆઈટીમાં પ્રવેશ નહીં મળવાની અપેક્ષાએ પહેલાંથી જ મોટી સંખ્યામાં ડ્રોપ આઉટ લેવાયો છે. ચાલુ વર્ષે આઈઆઈટી-કાનપુરને જેઈઈની એડ્વાન્સ પરીક્ષાની જવાબદારી સોંપાઈ છે, જેમાં જેઈઈ મેઈન સ્કોરના આધાર પર એડ્વાન્સ પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય કરાયા છે, જેમાં ૧.૬૦ લાખ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com